# ઓતેમોં ગાકું

## અને જાપાન વિષે પાંચ પત્રો

—ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ગુજરાત યુનિવર્સિટી અને જાપાનમાં ઓસાકાની ઓતેમોં ગાકું યુનિવર્સિટી વચ્ચે છેલ્લાં દસ વર્ષથી વિદ્યાથી-વિનિમયનો એક કાર્યક્રમ ચાલે છે, તેના અનુસંધાનમાં, ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ ઉપકુલપતિ શ્રી પ્ર. ચુ. વૈદ્ય ગયા જૂન માસમાં ઓસાકા ગએલા ત્યારે ત્યાંના ટૂંકા રોકાણ દરમિયાન એમણે પોતાની પુત્રીને પત્રો દ્વારા ત્યાંનાં કેટલાંક વિશિષ્ટ પાસાંઓનું રોચક દર્શન કરાવેલું. એ પત્રોમાંથી આપેલી આ તારવણી દ્વારા ત્યાંના વિષે કેટલુંક નવું જાણવા મળશે.

૧...અમે મુંબઈથી સાંજના સવા છ વાગ્યે નીકળેલા અને બીજે દિવસે સાંજે સવા છ વાગ્યે ઓસાકા એરપોર્ટ પર ઊતર્યાં. પણ તેથી મુસાફરી ચોવીસ કલાકની નહિ, પરંતુ સાડા એકવીસ કલાકની થઈ, કારણ કે ઓસાકામાં સાંજના સવા છ વાગ્યા હતા ત્યારે મુંબઈમાં બપોરના પોણા ત્રણ વાગ્યા હશે.

અહીંની ઓતેમોં ગાકું યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે દસ વર્ષથી વિદ્યાર્થી-વિનિમયનો કાર્યક્રમ ચાલે છે. કાર્યક્રમ અંગે ફાઈલ ઉપરના બધા કાગળો તો હું વાંચી ગયો હતો અને તેથી આ ઓતેમોં ગાકું યુનિવર્સિટી વિષે ઘણીખરી માહિતી તો મેં મેળવી લીધી હતી, પણ આ યુનિવાસટીનું નામ ઓતેમોં ગાકું યુનિ. શાના પરથી પડ્યું કે તેના નામનો શો અર્થ હશે તેની ખબર ન પડી. અહીં આવ્યાના બીજા દિવસે એનો ફોડ પડ્યો.

તા. ૧૪મી(જૂન–'૮૦)એ ઓતેમોં ગાકું પ્રાથમિક શાળાની મુલાકાતે જવાનો હતો. આ શાળા ઓસાકા શહેરમાં આવેલી છે. (ઓતેમોં ગાકું યુનિ. ઓસાકા શહેરમાં નહિ. પણ ઓસાકા જિલ્લાના ઈબારાકી શહેરમાં છે.) ઓસાકા શહેરની બાજુમાં જૂના જમાનાનો એક કિલ્લો છે તે ઓસાકા કૅસલ નામે ઓળખાય છે. આ કૅસલ એટલે કે કિલ્લાના દરવાજા જાણીતા છે. તેમાં જે મુખ્ય દ્વાર તે 'ઓતેમોં.' જાપાનની ભાષામાં 'ઓતેમોં' એટલે પ્રમુખ દ્વાર–મુખ્ય દરવાજો. અને 'ગાકું' એટલે શિક્ષણસંસ્થા–અકાદમી. આજથી નેવું વર્ષ પૂર્વે ઓસાકા કૅસલની નજીકમાં ઓતેમોં ગાકું પ્રાથમિક શાળાની સ્થાપના થઈ. કિલ્લાના વિખ્યાત દરવાજા ઉપરથી 'મુખ્ય દરવાજો પ્રાથમિક શાળા' (આપણે કદાચ 'મહાદ્વાર પ્રાથમિક શાળા' એવું નામ આપીએ. અને કદાચ જે માનથી આપણે 'મહાદ્વાર' શબ્દ વાપરીએ એવા જ માનથી જાપાની લોકો ઓતેમોં શબ્દ વાપરતા હશે!) ઓતેમોં ગાકુંની સ્થાપના થઈ. આ પ્રદેશમાં આ પ્રાથમિક શાળા ઘણી ખ્યાતિ પામી. વખત જતાં ઓતેમોં ગાકું માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા અને છેવટ યુનિવર્સિટી થઈ. આમ, ૯૦ વર્ષ પહેલાં શરૂ થએલી પ્રાથમિક શાળામાંથી ૧૯૬૬માં ઓતેમોં ગાકું યુનિવર્સિટી રચાઈ. આ યુનિવસટી આપણી યુનિવર્સિટી કરતાં ઘણી રીતે જુદી હશે. પેલી મૂળ પ્રાથમિક શાળા, પછી ઉમેરાએલું બાળમંદિર, મિડલ સ્કૂલ, હાઈસ્કૂલ, સિનિયર હાઈ સ્કૂલ (હાયર સેકન્ડરી સ્કૂલ) તથા કૉલેજ અને અનુસ્નાતક સંસ્થાઓ, બધું જ આ યુનિવર્સિટીના આશ્રયે ચાલે છે.

તો આ છે 'મહાદ્વાર વિશ્વવિદ્યાલય'—ઓતેમોં ગાકું યુનિવર્સિટીના નામનું રહસ્ય!

ઓતેમોં ગાકું પ્રાથમિક શાળામાં અમે બે કલાક રોકાયા. આપણે ત્યાં મ્યુનિસિપલ અને ખાનગી પ્રાથમિક શાળાઓ વચ્ચે ઘણો ફેર પડે છે તેમ અહીં પણ છે. અહીં સરકારી પ્રાથમિકશાળામાં કશી ફી લેવાતી નથી, જ્યારે ઓતેમોં ગાકું પ્રાથમિક શાળામાં ઘણી ભારે ફી છે. આટલી મોટી ફી ભરી શકે તેવાં મા-બાપનાં બાળકો જ આમાં ભણી શકે.

શાળામાં તાજેતરમાં ગણિત-શિક્ષકોનો સેમિનાર યોજાયો હતો તેનો અહેવાલ તથા શાળાનાં બાળકોએ કિત્તાથી લખેલા જાપાની સૂત્રોના નમૂના અમે સાથે લીધા છે.

વધુ ફી ભરતાં કે ફી વગર ભણતાં, બાળકો તો બાળકો જ છે, સરખાં નિર્દોષ અને સરખાં રમતિયાળ. વર્ગમાં શિક્ષક સવાલ પૂછે એટલે આપણે ત્યાં બાળકો જવાબ આપવા આંગળી ઊંચી કરે. અહીં પણ આંગળી તો ઊંચી કરે જ, પણ સાથે 'હેઈક' એમ બોલે પણ ખરાં. આમ, 'હેઇકોચ્ચારથી' આખો વર્ગ ગાજી ઊઠે. આ 'હેઈક' તો જાપાની ભાષાનો વિશિષ્ટ લહેકાથી બોલાતો શબ્દ છે.

૨...ત્યાં અમદાવાદમાં ભાષણ કરતાંકરતાં અમે એમ કહીએ છીએ કે, 'અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી અને ઓસાકાની ઓતેમોં ગાકું યુનિવર્સિટી વચ્ચે વિદ્યાર્થી-વિનિમય કાર્યક્રમ ચાલે છે.' (જો કે અહીં આવ્યા પહેલાં 'ઓટેમોન ગાકુઈન' એમ ઉચ્ચાર કરતા હતા!) પણ અહીં આવ્યા પછી ખબર પડી કે આમાં અહીંની ભૂગોળનું ઓછું જ્ઞાન દેખાય છે. આ ઓતેમોં ગાકું યુનિ૦ ઓસાકામાં છે એમ કહેવું એ ગોંડળની કૉલેજ રાજકોટમાં છે કે કપડવંજની કૉલેજ ખેડામાં છે એમ કહેવા બરાબર થાય! ઓસાકા એ જિલ્લાનું નામ છે અને એ જિલ્લાનું મુખ્ય શહેર પણ ઓસાકા છે. અહીં જિલ્લાને 'પ્રીફેક્ચર' કહે છે. ઓતેમોં ગાકું યુનિવર્સિટી ઓસાકામાં નહિ, પણ ઓસાકા પ્રીફેક્ચરના ઈબારિકી સિટીમાં આવેલી છે.

આપણા જિલ્લાઓમાં અનેક નાનાંનાનાં ગામ હોય છે, પણ અહીંના પ્રીફેક્ચરમાં જુદાંજુદાં 'સિટી' કે 'ટાઉન' હોય છે. અમે જ્યાં ઊતર્યાં છીએ તે હોટેલ 'હેંક્યુ સેન્રી ન્યૂ ટાઉન'માં છે જ્યારે યુનિવર્સિટી 'ઈબારિકી સિટી'માં છે. અહીંના એક પ્રોફેસર ટાગોર તાકાત્સુકી સિટીમાં રહે છે. આ બધાં ટાઉન કે સિટી એક લાખથી બે લાખની વસ્તીનાં. મોટરમાં, બસમાં કે ટ્રેનમાં જઇએ તો આ બધાં એકબીજાં સાથે જોડાએલાં જ લાગે, પણ દરેક સિટી કે ટાઉન જુદું એટલા માટે કે દરેકની સિટી કાઉન્સિલ (મ્યુનિસિપાલિટી) જુદી છે અને એ દરેકનું અલગ તંત્ર છે. આપણા અમદાવાદમાં નવરંગપુરા, શાહીબાગ, પાલડી, નરોડા એમ બધાંની અલગઅલગ મ્યુનિસિપાલિટી હોય, અને કોટ વિસ્તારને અમદાવાદ નામ આપી તેની જુદી મ્યુનિસિપાલિટી હોય ને આ બધાંનાં તંત્રો અલગ હોય તો આ ઓસાકા જેવું કંઈક થાય. બીજી રીતે કહીએ તો આપણે ત્યાં મોટાં શહેરોનો વિસ્તાર વધારતા જઇને આજુબાજુનાં ગામોને શહેરમાં સમાવી દઇને બૃહદ મુંબઈ–ગ્રેટર બૉમ્બે જેવું કેન્દ્રિત તંત્ર ગોઠવાય છે તેથી ભિન્ન અહીં નાનાં નગરોને જુદાંજુદાં એકમ રૂપે રહેવા દઈને વિકેન્દ્રિત વિકાસ સાધવામાં આવ્યો છે.

અમારું આ 'સેન્રી ન્યૂ ટાઉન' હજી દસ જ વર્ષનું છે. ૧૯૭૦માં અહીં 'એક્સ્પો-૭૦' નામે જે વિશ્વમેળો–વર્લ્ડફેર યોજાયો હતો તે વખતે આ ટાઉનશિપ એટલે કે નગર બંધાયું હતું. અહીં એક 'એક્સ્પો-૭૦ ગાર્ડન' પણ છે. આ વિશ્વમેળામાં જે જગ્યાએ ભારતનું

પૅવિલ્યન (મંડપ) હતું ત્યાં હાલ એક મોટું 'એથ્નોલૉજિકલ મ્યૂઝિયમ' (માનવવંશવિદ્યાનું સંગ્રહસ્થાન) બની રહ્યું છે.

કોબે, ઓસાકા અને ક્યોતો એ ત્રણ નજીકનજીક આવેલાં પ્રીફેક્ચર છે, અને એ ત્રણેને સમાવતો પ્રદેશ 'કાન્સાઇ' નામે ઓળખાય છે. આખા જાપાનમાં ભારતીઓનાં હજાર-બારસો જેટલાં કુટુંબો હશે અને તેમાંથી આઠસો-નવસો કુટુંબો તો આ કોબે-ઓસાકા-ક્યોતો વિસ્તારમાં વસે છે. માટે તો ભારતીય એલચી કચેરીની મોટી શાખા-કૉન્સલ જનરલની કચેરી કોબેમાં આવેલી છે. કોબે જાપાનનું પ્રથમ કક્ષાનું બંદર છે અને તેથી વેપાર-ઉદ્યોગમાં પડેલા ભારતીઓની ઑફિસો કોબેમાં અને વસવાટો કાન્સાઈમાં જ્યાં સગવડ લાગે ત્યાં છે.

કોબે મોટું બંદર છે તો ક્યોતોનું ઐતિહાસિક મહત્ત્વ છે. તોક્યો તો દોઢસો વર્ષથી રાજધાની બન્યું છે, પણ તે પહેલાં લગભગ હજાર વર્ષ સુધી ક્યોતો જાપાનનું પાટનગર હતું. એ જૂની રાજધાની ક્યોતો અને નવી તોક્યો! આપણે અંગ્રેજી સ્પેલિંગ પરથી ટોકિયો બોલીએ છીએ, પણ તેનો જાપાની ઉચ્ચાર તોક્યો છે. અને જ્યારે જાપાનની ભાષામાં લખાય ત્યારે તો 'તોક્યોતો' લખાય છે. 'તો'નો અર્થ 'પૂર્વ' થાય છે. આમ, પૂર્વનું ક્યોતો માટે તોક્યોતો ને તેમાંથી થયું તોક્યો.

ક્યોતો-ઓસાકા-કોબેના પ્રદેશથી તોક્યો લગભગ ૫૦૦ કિલોમીટર, એટલે કે અમદાવાદથી મુંબઈ જેટલું દૂર છે. અહીંથી તોક્યો સુધી કલાકના ૨૦૦ કિલોમીટરની ઝડપે દોડતી 'બુલેટ ટ્રેન' દર દસ કે પંદર મિનિટે (લોકલ ટ્રેનની માફક) ઊપડે છે અને ત્રણેક કલાકમાં તોક્યો પહોંચાડે છે. કાન્સાઈ પ્રદેશમાં વસતા અને તોક્યોમાં વ્યવસાય કરતા લોકો રોજ બુલેટ ટ્રેનમાં આવજા કરે છે. આ પત્રમાં આ પ્રદેશની જરૂરી ભૂગોળ આવી ગઈ એટલે હવેના પત્રો સમજવા સરળ થશે.

૩...અહીં અત્યારે (જૂન '૮૦) ચૂંટણીના દિવસો છે. જાપાનની પાર્લમેન્ટ 'ડાએટ' (Diet) કહેવાય છે. ડાએટનાં બે ગૃહો છે: ઉપલું ગૃહ અને નીચલું ગૃહ. ઉપલા ગૃહની ચૂંટણી દર ત્રણ વર્ષે થાય છે, જ્યારે નીચલા ગૃહની દર પાંચ વર્ષે. સામાન્ય રીતે બન્ને ગૃહોની ચૂંટણી સાથે આવતી નથી. અને આ વખતે પણ માત્ર ઉપલા ગૃહની ચૂંટણી જ હતી, પરંતુ એપ્રિલ માસમાં રાજકર્તા પક્ષ 'લિબરલ ડેમોક્રેટિક પાર્ટી'માં ફાટફૂટ પડી, સરકારી પક્ષના કેટલાક સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તમાં સરકાર વિરુદ્ધ મત આપ્યો અને તેથી વડા પ્રધાન ઓહિરાએ રાજીનામું આપી ફરી ચૂંટણી જાહેર કરી. આમ, જૂનની ૨૨મીએ બેવડી ચૂંટણી થઈ.

પરંતુ આ દરમિયાન વડા પ્રધાન ઓહિરાનું ૧૨ જૂને અવસાન થયું તે તો તમે વાંચ્યું હશે. (અમે અહીં તે જ દિવસે પહોંચ્યા હતા.) એ અવસાનના કારણે ચૂંટણી પ્રચાર જરા મોડો શરૂ થયો. ૨૨ જૂને ચૂંટણી હતી. ૧૫મી ને રવિવારથી પ્રચારે રંગ પકડ્યો. વડા પ્રધાનના મૃત્યુની બીજી અસર એ પડી કે તેના પક્ષ લિ. ડે. પાર્ટીમાં જે ફૂટ હતી તે કામચલાઉ સંધાઈ ગઈ અને પક્ષ સંયુક્ત બનીને ચૂંટણી લડ્યો.

જો કે અહીંના ચૂંટણી-પ્રચારમાં આપણને ઝાઝી સમજણ ન પડે. કારણ પેમ્ફલેટ, પોસ્ટર, પતાકા બધું જાપાની ભાષામાં. છતાં કેટલીક વિશિષ્ટતાઓ તો જરૂર નજરે પડી. આપણી લિપિ ડાબીથી જમણી બાજુ આડી લખાય પણ જાપાની લિપિ ઉપરથી નીચે ઊભી લીટીમાં લખાય છે. ચૂંટણી જેવા વખતે આનો એક સરસ લાભ મળે. આપણે રસ્તા પર ચૂંટણી-બૅનર લગાડવાં હોય તો રસ્તાની બંને બાજુએ વીજળી કે ટેલિફોનના થાંભલા ઉપર દોરી બાંધીને વચ્ચે લટકાવવાં પડે અને પવનમાં બેનરનું કાપડ ઊલટુંસૂલટું થઈ જાય તેની યે ચિંતા. આપણું લખાણ આડી લીટીમાં એટલે આમ થાય, જ્યારે અહીં તો બૅનરને ઊભું જ લટકાવવાનું એટલે વીજળીના એક થાંભલા સાથે ઉપર-નીચેથી બાંધી દે એટલે પત્યું. અરે પતાકાની જેમ લટકતું યે ચાલે.



જો કે બાબા જયગુરુદેવના ચેલાઓની વૃત્તિ બાદ કરતાં આપણે ત્યાં હવે કોઈની ભીંતો બગાડવાનો રિવાજ કંઈક ઓછો થયો છે, પણ અહીં તો એવી રસમ છે જ નહિ. ઉમેદવારના ફોટો કે ચૂંટણીનાં અન્ય પોસ્ટરો પણ જ્યાં ત્યાં ચોડવાનો રિવાજ નથી. મુખ્યમુખ્ય સ્થળે એક મોટું પાટિયું લગાડેલું હોય છે. તેની ઉપર ૮, ૧૨ કે ૧૬ પોસ્ટર સાઈઝના ભાગ હોય છે અને તેના ઉપર ૧ થી ૮, ૧૨ કે ૧૬ સુધીના આંકડા લખેલા હોય છે. બૅલટ ઉપર ઉમેદવારનો જે ક્રમ હોય તે ક્રમના ચોકઠામાં તે પોતાનું પોસ્ટર લગાડે.

અલબત્ત, પ્રચારના છેલ્લા દિવસોમાં મોટરમાં માઇક સાથે બૂમબરાડા પડાતા તો અહીં પણ જોવા મળ્યા. આપણે ત્યાંની જેમ અહીં પણ સામ્યવાદી પક્ષની 'સ્ટ્રીટ કૉર્નર' મીટિંગો જોવા મળી. એક મોટી સભા પણ જોઈ. કયા પક્ષની હતી એ તો સમજાયું નહિ. અહીં ગુરુવારે ઘણા સ્ટોર રજા પાળે છે. રવિવારની ચૂંટણી પહેલાંના ગુરુવારે રસ્તા વચ્ચે મોટરની ઉપર માઇક ગોઠવીને ડાબી બાજુ ફૂટપાથને અડીને ભાષણ કરનારનો મંચ ગોઠવાયો હતો. એ સ્થળે ચાર રસ્તા મળતા હતા એટલે તેમાં બનતા ટ્રાફિક આઈલૅન્ડ ઉપર, ચારે તરફની ફૂટપાથ ઉપર, ધોરી માર્ગ ઓળંગવા માટે બનાવેલી રસ્તાની સીડીઓ ઉપર, એમ ટૂંકમાં ચારે મુખ્ય રસ્તા ઉપર મોટરોની આવજા ચાલુ જ રહી શકે તે રીતે લગભગ બેથી ત્રણ હજાર માણસ એકઠું થયું હતું. ભાષણ ચાલતું હતું, તાળીઓ પડતી હતી, સૂત્રો પોકારાતાં હતાં અને રસ્તા ઉપરનો મોટરનો ટ્રાફિક પણ ધીમી ગતિએ વણથંભ્યો ચાલુ હતો. આટલું જ નહિ, પ્રચાર કરનાર પક્ષની છ બહેનો માઈકવાળી મોટરની બાજુમાં ઊભી હતી. અને પસાર થતી બધી જ મોટરોને ઝૂકીઝૂકીને વંદન કરતી હતી. નમ્રતા અને શિસ્ત તો જાપાની લોકોને ગળથૂથીમાં મળેલાં છે.

ક્યોતોની યુનિવર્સિટીના 'ઇન્સ્ટિટ્યુટ ઑવ ફન્ડામેન્ટલ ફિઝિક્સ'માં પ્રો. સાતો નામના વૈજ્ઞાનિકને હું મારા સંશોધનના અનુસંધાનમાં મળવા ગયો હતો. મુલાકાત બાદ અમે બધા જમવા ગયા ત્યાં વાત નીકળતાં ખબર પડી કે ક્યોતો શહેરમાં સામ્યવાદી પક્ષનું સારું વર્ચસ્વ છે. ક્યોતો આમ તો ઐતિહાસિક નગર છે અને ત્યાં કોઈ મોટા ઉદ્યોગો પણ નથી તેથી જરા નવાઈ લાગી. પણ ગઈ ડાએટમાં ક્યોતોના પાંચમાંથી બે પ્રતિનિધિઓ સામ્યવાદી પક્ષના ચૂંટાયા હતા. જો કે દેશ સમસ્તમાં સામ્યવાદી પક્ષને એવી પસંદગી મળતી નથી. આપણા દેશની જેમ અહીં પણ તેમનાં પૉકેટ્સ છે.

ગઈ કાલે ચૂંટણી થઈ ગઈ. આજે નીચલા ગૃહનાં પરિણામો પણ જાહેર થવા માંડ્યાં છે. બપોર સુધીમાં લિ. ડે. પાર્ટીને તેમાં બહુમતી મળી ચૂકી છે. જાપાનના રાજકારણમાં આપણને સીધો રસ નથી એટલે તે વિષે વિસ્તારથી લખતો નથી, પણ ત્યાંની ચૂંટણીમાં જે વિશેષતાઓ જોવા મળી તેનો જ આ ઉલ્લેખ છે.

૪...જાપાન એક જુદો તરી આવે એવો દેશ છે. ઉદ્યોગીકરણ અને ઉચ્ચ જીવનધોરણમાં તે અમેરિકાને આંબી ગયો છે. છતાંયે એ પૂર્વનો દેશ છે. સંસ્કાર, ભાષા અને ધર્મમાં તે ચીન, થાઇલૅન્ડ કે ભારતને બહુ મળતો આવે. અહીંના બાર દિવસના વસવાટ દરમિયાન આ બંને પાસાં સમજવા-નિહાળવાનો મોકો મળ્યો.

'એક્સ્પો-૭૦'ના સ્થળે અત્યારે નવું અદ્યતન સંગ્રહાલય આકાર લઈ રહ્યું છે. નૃવંશવિદ્યાના આ સંગ્રહાલયનો અગાઉ મેં ઉલ્લેખ કર્યો છે. જુદાજુદા દેશના લોકોની સમયસમય પર બદલાતી રહેણી-કરણીનું આ પ્રદર્શન છે. ચીન, ઈન્ડોનેશિયા, ઉત્તર-દક્ષિણ બંને અમેરિકા,

સાઇબીરિયા અને જાપાનના વિભાગો તૈયાર થઈ ગયા છે. આફ્રિકા અને ભારતીય ઉપખંડના વિભાગો માટે મકાન બંધાઈ રહ્યાં છે. આપણે પુસ્તકોમાં વાંચીએ છીએ કે સંગ્રહાલય અભ્યાસનું વિશિષ્ટ સાધન છે, પણ આપણા સંગ્રહાલયોનો ઉપયોગ જિજ્ઞાસા સંતોષવાથી વિશેષ થતો હોય તેવો અનુભવ નથી. શાળાની ટુકડીઓ સંગ્રહાલયની મુલાકાતે બહુ જતી નથી, અને જાય છે તેમાં પણ મુખ્ય હેતુ કુતૂહલ (curiosity) મિશ્રિત હોય છે. અહીં આ એથનોલોજિકલ મ્યૂઝિયમનો શિક્ષણસંસ્થા તરીકે સીધો ઉપયોગ થાય છે. એક તો અહીં પ્રદર્શિત કરેલી દરેક વસ્તુને અડકવાની કે તેનો ઉપયોગ ચકાસવાની છૂટ છે. બીજું અહીં કોઈ પણ દેશના દરેક તબક્કાની વિગત દર્શાવતી વિડીઓ ટેપ તૈયાર હોય છે. લગભગ પચાસ જેટલાં ટી. વી. જોવાનાં એકમો છે. કોઈ પણ ઇચ્છુક નજીવી કિંમતે આ ટી. વી. જોવા માટે જોઇએ તેટલી ટિકિટ ખરીદી શકે છે. દરેક ટી. વી. એકમમાં ત્રણ બેઠક હોય છે. બેઠક પર બેસીને લીધેલી ટિકિટ એક ખાસ ખાનામાં સેરવી દેવાની અને પછી વિષયોની યાદીમાથી જે નંબરનું બટન દબાવો કે તુરત જ તે અંગેનો સંદેશ ટેપ-લાયબ્રેરીમાં પહોંચી જાય અને ત્યાં ઇલેક્ટ્રોનિક સાધન દ્વારા તમારે જોઇતી ટેપ ત્યાંના સંગ્રહમાંથી બહાર આવીને ટી. વી. સેટ સાથે જોડાઈ જાય, અને એ ટી. વી. સેટ પર જોઇતો વિષય જોવા મળે. આમ આ પચાસ ટી. વી. એકમો વચ્ચે પાંચસોથી યે વધુ વિડીઓ-ટેપ છે. ક્યારેક કોઈ શાળાનું જૂથ આવ્યું હોય તો એક સાથે ૨૫-૩૦ ટેપની માગણી પણ આવે. અને ત્યારે યે કૉમ્પ્યુટર સિસ્ટમથી બધું ગોઠવાઈ જઈ ને બે મિનિટમાં તો એ ટેપ ટી. વી. ઉપર દેખાવા લાગે.

આવી બધી સગવડો તો આપણી પાસે નાણાં હોય તો આપણે પણ ઊભી કરી લઇએ. પણ ધ્યાન ખેંચે એવી મુખ્ય વાત તો બીજી છે. વિદ્યાર્થીઓનાં ટોળાં એક વસ્તુથી બીજી વસ્તુ તરફ જોતાંજોતાં આગળ વધતાં જાય અને સાથેના શિક્ષક તે તે વસ્તુનું વર્ણન કરતા જાય એવું અહીં જોવા મળ્યું નહિ. અહીં તો વિદ્યાર્થી કોઈ એક દેશના કોઈ એક કાળના વિભાગમાં પલાંઠી મારીને ખોળામાં નોટ-પેનસિલ લઈ બેઠા-બેઠા કે વિડીઓ ટેપ જોતોજોતો નોંધ કરતો જોવા મળે. આવી રીતે નોંધ ટપકાવતા વિદ્યાર્થીઓ અહીં ઠેરઠેર જોયા. આ રીતે નોંધો કરવાનું એક મુખ્ય કારણ એ છે કે અહીં શાળાઓમાં પણ દસમા ધોરણ પછી કોઈ એક વિષયવસ્તુ લઈ ને તેના પર વર્ણનાત્મક મહાનિબંધ (ટર્મ પેપર) લખવાનું પરીક્ષાના એક ભાગ તરીકે છે.

અહીંની ૫૦૦ ઉપરાંતની વિડીઓ ટેપમાં 'ભારતીય સાડી' વિષેની વિડીઓ ટેપ વિદ્યાર્થિનીઓમાં ઘણી પ્રિય છે એમ તેની બહોળી માગ ઉપરથી જણાયું છે.

આ મ્યૂઝિયમની મુલાકાત પછી અહીં જે કંપનીએ વિડીઓ ટેપ લાયબ્રેરીની આ સમગ્ર કૉમ્પ્યુટર સિસ્ટમ બનાવીને ગોઠવી છે તે માત્સુશીતા ઇલેક્ટ્રિક કંપનીનું કારખાનું જોવા ગયા. આ માત્સુશીતા કંપની 'નેશનલ'ના નામે બેટરીસેલ પણ બનાવે છે અને તેનું એક કારખાનું વડોદરામાં પણ છે. અહીં તો નેશનલ કલર ટી. વી. નું ઉત્પાદન જે એકમમાં થાય છે તે અમે જોયું. આપણે ઘેર ટી. વી. છે તેમાં વાલ્વ છે. સ્વિચ કર્યા પછી થોડી વારે વાલ્વ 'ગરમ' થાય પછી એ ટી. વી. ચાલુ થાય. પણ હવે તો સ્વિચ કરતાં જ તુરત ચાલુ થાય તેવા 'સોલિડ સ્ટેટ' ટી. વી. આપણે ત્યાં પણ બનવા લાગ્યા છે. માત્સુશીતા કારખાનામાં ટી. વી.ની બિલકુલ આપમેળે કામ કરતી ઑટોમેટિક ઍસેમ્બ્લી લાઈન જોઈ. ઑટોમેટિક ઍસેમ્બ્લી લાઇન એટલે લાંબા ટેબલ ઉપર જુદાંજુદાં યંત્રો હારબંધ ગોઠવ્યાં હોય અને તેની પાસે એક પાટા ઉપર એક પાટિયું આગળ ખસતું જતું હોય. આ રીતે એ જે યંત્ર પાસે આવે ત્યારે તે યંત્ર તેમાં જરૂરી ઇલેક્ટ્રોનિક ભાગ ગોઠવી દે. આમ એ બધાં યંત્રો પાસે થઇને બીજે છેડે પહોંચે ત્યારે તેમાં બધા જરૂરી ભાગો આપમેળે ગોઠવાઈ ગયા હોય. આમ પેલા પાટા ઉપર એકની પાછળ એક એમ પાટિયાંનો પ્રવાહ સતત ચાલતો રહે અને એક જ સમયે તે બધાં પર પેલાં યંત્રો દ્વારા આપમેળે કોઇ ને કોઈ ભાગ ગોઠવાતો જ રહેતો હોય. આમ એક સાથે સંખ્યાબંધ ટી. વી. સેટ તૈયાર થતા રહે. આ આખી લાઈન ઉપર એક જ માણસની દેખરેખ હોય.

અમેરિકાને પણ આંબી ગએલી જાપાનની ઔદ્યોગિક પરંપરાની આ એક ઝલક છે. બાકી અહીં તો ચોવીસે કલાક ટી. વી. ચાલ્યા જ કરે છે. અમારા ઓસાકામાં પણ પાંચ ચેનલમાં જુદાજુદા કાર્યક્રમો આવતા રહે. મોટામોટા ફ્રીવે (મુક્ત માર્ગ) ઉપર મોટરો સતત દોડ્યા જ કરે એવી બધી લાક્ષણિકતાઓ પણ ખરી જ.

અને આ બધું છતાં જાપાન પૂર્વનો દેશ છે એની પ્રતીતિ પણ ડગલે ને પગલે થતી જ રહે છે. જાપાન અને ભારત મૂળભૂત રીતે પૌર્વાત્ય સંસ્કૃતિનો સમાન વારસો ધરાવે છે તેની પ્રતીતિ તો અહીં ઠેરઠેર જોવા મળે છે.

૫...જાપાનમાં મોટા ભાગના લોકો બૌદ્ધ ધર્મ પાળે છે, અને તે આપણા દેશ અને જાપાનને જોડતી એક મજબૂત સાંસ્કૃતિક કડી છે. જાપાનના કૌટુંબિક રીતરિવાજોમાં તે સ્પષ્ટ દેખાઈ આવે છે. આપણે ત્યાં ઘરમાં દાખલ થતાં પહેલાં, બૂટ-ચંપલ ઉતારીને દાખલ થવાનો રિવાજ છે. જાપાનમાં પણ એવો રિવાજ છે. પણ જાપાની લોકો તો ભારે ચીવટવાળા. કોઈ ને ઘેર જાઓ કે ડૉક્ટરના દવાખાનામાં જાઓ, પહેલા જ ખંડમાં બુટ-ચંપલ ઉતારવાની જગ્યા હોય અને સાથોસાથ જુદાંજુદાં માપની સપાટ જેવી કાપડની બનાવેલી ચંપલો તૈયાર પડી હોય. આવનાર વ્યક્તિ પોતાનાં બૂટ-ચંપલ ત્યાં ઉતારી લે અને પેલી સપાટોમાંથી પોતાને અનુકૂળ માપની સપાટ પહેરીને પછી જ અંદર દાખલ થાય. પાછા વળતી વેળા પેલી સપાટો યથાસ્થાને મૂકી પોતાનાં બૂટ-ચંપલ પહેરી લે. બૂટ પહેરવાની સરળતા માટે પ્લાસ્ટિકનાં મોટાંમોટાં જીભિયાં પણ ત્યાં રાખ્યાં હોય.

જાપાનિઝ ભાષામાં મંદિર માટે 'જી' શબ્દ છે. જાપાનનાં મંદિરોનાં નામ વાંચીએ તો તેમાં હમેશાં છેલ્લે જી આવતો વંચાય. જેમ કે 'તોદાયજી', 'હોડયોજી' વગેરે. તોદાયજી એટલે પૂર્વનું મુખ્ય મંદિર, હોડયોજી એટલે બંધારણ અને કાનૂનનું મંદિર. આપણી જેમ અહીં પણ ભાવિકો મંદિરમાં દેવને અનાજ કે સિક્કા ભેટ રૂપે અર્પે છે. નિજ-મંદિરમાં આવા અનેક સિક્કા વેરાએલા જોવા મળે. મંદિરમાં ધૂપ-દીપ પણ થાય. લોકો આપણી જેમ જ બે હાથ જોડીને દેવને નમન કરે અને મંદિરોમાં પાઠ કરતો કે ૧૦૮ મણકાની માળા ફેરવતો પૂજારી પણ જાપાનના મંદિરમાં જોવા મળે.

હોડયોજી મંદિર ઘણું જૂનું છે. (જાપાનમાં બૌદ્ધ ધર્મ ૮મી સદીમાં દાખલ થયો એટલે 'ઘણું જૂનું'નો અર્થ ૮મી સદીથી વહેલું તો નહિ જ.) તેમાં ગૌતમ બુદ્ધની ઘણી મોટી પ્રતિમા છે. સાથે અનેક સંતોની પ્રતિમાઓ પણ છે. આ બધી પ્રતિમાઓ નીચે તેમનાં જાપાની નામની સાથેસાથે મૂળ સંસ્કૃત નામો પણ આપેલાં છે. અવલોકિતેશ્વર, પ્રભાતરંજની, માયા જેવાં નામો વાંચીને તેનો ઉચ્ચાર કરવાનો પ્રયત્ન કરતા જાપાની ભાવિકોને જોતાં ભારત-જાપાન વચ્ચેની સામાન્ય સાંસ્કૃતિક કડીનો ખયાલ આવ્યા વગર ન રહે.

છેલ્લે આર્થિક જાહોજલાલીની ટોચે પહોંચેલા અને જ્ઞાનવિજ્ઞાન તથા ઉદ્યોગ-વ્યવસાયના ક્ષેત્રમાં પશ્ચિમના કોઈ પણ દેશ સાથે બરાબરીની સ્થિતિ પ્રાપ્ત કરનાર આ દેશમાં સ્ત્રીઓ પણ વિવિધ વ્યવ-

(અનુસંધાન પૃષ્ઠ ૮૯)

## મુરારકા ચેરિટેબલ ટ્રસ્ટનું રૂ. ૫૦નું ચરિત્ર-પારિતોષિક

ફેબ્રુઆરી માસ માટે
'જી. એ. નટેસન'ના લેખક
પ્રા. શંકરદેવ વિદ્યાલંકારને અને
માર્ચ માસ માટે
'માદામ રેલાં'ના લેખક શ્રી અશોક હર્ષને મળે છે.

અનુસંધાન] **ઓતેમાં ગાકુ** [પૃષ્ઠ ૯૭થી

સાયમાં છૂટથી કામ કરતી જોવા તો મળે જ, પણ પહેરવેશમાં એમણે પોતાનું પૌર્વાત્ય ગૌરવ બરાબર જાળવી રાખ્યું છે. હા, બુલેટ ટ્રેનની ઝડપે પ્રગતિ કરતા દેશમાં જૂના સમયનો 'કિમોનો' આજે તો સામાન્ય રીતે એ પહેરતી નથી, (જો કે લગ્નપ્રસંગે તો પહેરે જ.) પણ મિનીસ્કર્ટ, ચુસ્ત શર્ટ-પાટલૂન અહીં દેખાતાં નથી. બધે જ ગોઠણ સુધી પહોંચે તેવાં લાંબાં સ્કર્ટ સામાન્ય છે. જાપાનનાં શહેર કે ગામમાં યુનિવર્સિટી કે કારખાનામાં, ઑફિસ કે પેઢીમાં, સઘળે તેઓ સઢંગા પોશાકમાં જ કામ કરતી દેખાય છે. આપણને લાગે કે કોઈ પણ સંસ્કૃતિને જાળવી રાખવામાં આપણા પૌર્વાત્ય દેશોમાં બહેનોનો કેટલો મોટો ફાળો છે! ☐

## ભાઈઓ તથા બહેનો માટે ગ્રીષ્મ વ્યાયામવર્ગ

હરિઃ ઓમ આશ્રમની પ્રેરણાથી 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ' તથા 'મહાજન શક્તિદળ'ના આશ્રયે વ્યાયામ-પ્રવેશ, વ્યાયામ-વિનીત, વ્યાયામ-વિશારદ અને વ્યાયામ-રત્ન — એમ ચારેય વર્ષના અભ્યાસક્રમની સગવડ ધરાવતો મધ્યસ્થ ગ્રીષ્મ વ્યાયામ વર્ગ તા. ૪-૫-'૮૧ થી તા. ૨૪-૫-'૮૧ સુધી રાજપીપળામાં શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલયના કૅમ્પસમાં યોજાશે. તેર કે વધુ વયનાં કોઈ પણ ભાઈ-બહેન તા. ૨૮-૪-૧૯૮૧ સુધીમાં તેમાં જોડાઈ શકશે. વર્ગમાં એથ્લેટિક્સ, જિમ્નેસ્ટિક્સ, વિવિધ રમતો, પરેડ, સંઘવ્યાયામ, યોગાસનો તથા સ્વિમિંગની વ્યવસ્થિત તાલીમ અપાયા બાદ પરીક્ષા લઈ ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર અપાશે. 'સી. પી. એડ.' કે 'ડી. પી. એડ.'ની તાલીમ પૂરી કરી હોય તેઓ સીધા 'વ્યાયામ-વિશારદ'ના અભ્યાસક્રમમાં દાખલ થઈ શકે છે. પ્રવેશપત્ર તથા વધુ માહિતી માટે 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ' (રાજપીપલા, વાયા અંકલેશ્વર - ૩૯૩૧૪૫, જિ. ભરૂચ)નો સંપર્ક સાધવો.